**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪ /ક્વા-૨/૧૯-૨૦/૬૭૭૨–B** **તા. ૧૦–૧૦–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૫૪ /ક્વા-૨/૧૯-૨૦**

| | | |
|---|---|---|
| અરજદાર: | ડાયરેક્ટર – (પી એન્ડ જી) | ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. | |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મેહતા વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૩ |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૪-૧૦-૨૦૧૯ (શુક્રવાર ) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૭-૦૯-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં **અરજદાર હાજર રહેલ ન હતા. તેથી** તા. ૦૪-૧૦-૨૦૧૯ (શુક્રવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ડાયરેક્ટર - (પી એન્ડ જી) ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૫૪/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે,** અરજદાર ગાર્ડન સુપ્રીટેન્ડન્સ ની ગ્રાહક નં. – ૩૯૯૭૬/૦૫૭૪૭/૪ થી જીએલપી ટેરીફ મુજબ નુ વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં વીજબીલ ની રકમ નિયમીત – એડવાન્સમાં જમા કરાવે છે, તેમ છતા – માહે જુન–જુલાઈ– ૧૯ ના બીલમાં રકમ રૂ.૫૭,૧૦૬/– નુ બીલ મળેલ છે. સદર બાબતે પેટા વિભાગીય કચેરી ને વારંવાર લેખીતમાં રજુઆત કરવા છતા – ભરપાઈ કરવા પાત્ર થતી રકમ જણાવેલ નથી. તેમજ, કયા કારણોસર બાકી રકમ રહેલ છે, જેની કોઈ વિગતવાર જાણ કરાયેલ નથી. આમ, **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

૨.૧ **અરજદાર ડાયરેક્ટર - (પી એન્ડ જી), રાજકોટ મહાનગરપાલિકા ગામ –રાજકોટ ના પત્ર નં.૧૫૨૮ તા,૦૩.૧૦.૨૦૧૯ મુજબ તા. ૧૯.૦૮.૨૦૧૯ થી પેટાવીભાગીય કચેરીને પત્ર દ્વારા જણાવેલ કે બીલની રકમ તેમજ એડવાન્સ રકમ જમા કરાવવા અર્થે વિગતો આપવા જણાવેલ પરતું કોઈ પ્રત્યુતર મળેલ નથી.**

અરજદારે  વાર્ષિક એડવાન્સ રકમ અને દ્વિમાસિક વીજ બીલ પત્રમાં જણાવ્યા મુજબ સરનામે મળે તે મુજબની વ્યવસ્થા કરવા વિનંતી કરેલ છે તે સીવાય  કોઈપણ પ્રકારની  તકરાર નથી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 **અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે - અરજદાર શ્રી. કાલાવડ રોડ, પેટા વિભાગીય કચેરી હેઠળ વાણીજ્ય વીજ જોડાણ ગ્રાહક નં.૩૯૯૭૬/૦૫૭૪૭/૪ થી ૩.૫ kw થી ધરાવે છે.**

૩.૧ **અરજદારના સદર વીજ જોડાણ માં દર વર્ષે અંદાજીત વીજ વપરાશની રકમ એડવાંન્સ માં ભરપાઈ કરવામાં આવે છે જે અન્વયે અરજદારે તા. ૦૧.૦૮.૧૯ ના રોજ રૂ.૫૦૦૦૦/- ભરેલ છે.**

૩.૨ **પીજીવીસીએલ કંપનીના ઇન્ટરનલ ઓડીટ મુજબ સદર વીજ જોડાણ ટેરીફ ચેન્જ ના રૂપિયા ૪૯૭૯૦/- વસુલવાને પાત્ર થાય છે. જે અનુસાંધાને સદર ગ્રાહકને પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.૧૮૭૯ તા. ૨૦.૦૪.૧૯ થી સદર રકમ ભરપાઈ કરવા જાણકારી આપવામાં આવેલ છે. જે પત્ર અરજદારને કોઈ કારણોસર મળેલ નથી, જેથી પેટા વિભાગીય કચેરી દ્વારા સદર રકમ અરજદારના વીજ બીલ માહે એપ્રિલ - મે ૨૦૧૯ માં બાકી રકમ તરીકે દર્શાવામા આવેલ છે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગાર્ડન સુપ્રીટેન્ડન્સ ની ગ્રાહક નં. – ૩૯૯૭૬/૦૫૭૪૭/૪ થી જીએલપી ટેરીફ મુજબ નુ વીજજોડાણ ધરાવે છે. સદર વીજજોડાણમાં વીજબીલ ની રકમ નિયમીત – એડવાન્સમાં જમા કરાવે છે, તેમ છતા – માહે જુન–જુલાઈ–૧૯ ના બીલમાં રકમ રૂ.૫૭,૧૦૬/– નુ બીલ મળેલ છે. સદર બાબતે પેટા વિભાગીય કચેરી ને વારંવાર લેખીતમાં રજુઆત કરવા છતા – ભરપાઈ કરવા પાત્ર થતી રકમ જણાવેલ નથી. તેમજ, કયા કારણોસર બાકી રકમ રહેલ છે, જેની કોઈ વિગતવાર જાણ કરાયેલ નથી **જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

૪.૨ **અરજદારને પેટા વીભાગીય કચેરી દ્વારા ડાયરેક્ટર (પી એન્ડ જી) ,બગીચા શાખા, રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન,ડોક્ટર આંબેડકર ભવન, વિંગ૧-B સેન્ટ્રલ ઝોન ઠેબર રોડ બીજો માળ રાજકોટ ના સરનામે વીજ વપરાશ ની વાર્ષિક રકમ એડવાન્સ ભરવા બાબતે ગ્રાહક નં.** ૩૯૯૭૬/૦૫૭૪૭/૪ **માં રૂ. ૫૦૦૦૦/- ની રકમ ભરપાઈ કરવા વર્ષ ૨૦૧૮માં પત્ર  દ્વારા જાણકારી આપેલ છે.**

૪.૩ **પેટાવીભાગીયના પત્ર નં. KRSD/REV/AUDIT/૧૮૭૯ તા.૨૦.૦૪.૧૯ થી** ગાર્ડન સુપ્રીટેન્ડન્સ **શ્રી, ગાર્ડન શાખા ગાયત્રી મંદિરની પાસે ના સરનામે** ગ્રાહક નં. – ૩૯૯૭૬/૦૫૭૪૭/૪ **માં ટેરીફ ચેન્જના બીલની રકમ રૂ. ૪૯૭૯૦/- દિવસ સાતમાં ભરપાઈ કરવાની નોટીસ આપેલ છે.**

૪.૪ **ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા સદર નોટીસ ન મળવાના કારણોસર કોઈ કાર્યવાહી થયેલ નથી તેવું જણાયેલ છે. પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત સદર રકમ વીજ બીલ માહે એપ્રિલ - મે ૨૦૧૯ માં બાકી રકમ તરીકે દર્શાવામા આવેલ છે.**

૪.૫ **સામાવાળા દ્વારા અરજદારને પત્ર નં, ૪૦૨૯ તા.૨૬.૦૮.૧૯ થી ઇન્ટરનલ ઓડીટ એપ્રિલ૧૬-થી માર્ચ -૧૭ ના ઓડીટ દરમ્યાન સદર વીજ જોડાણ માં GLP ટેરીફ ને બદલે NRGP ટેરીફ મુજબ ફિક્ષ ચાર્જ અને એનર્જી ચાર્જ ની વિગતવાર ગણતરી દર્શાવતું પત્રક રકમ રૂ. ૪૯૭૯૦/- વસુલવાને પાત્ર છે તે બાબતની જાણકારી આપેલ છે.**

૪.૬ અરજદાર પ્રથમ અને બીજી વખતની સુનાવણી માં ગેરહાજર રહેલ છે પરંતુ પેરા નં.૩.૨ મુજબ અરજદારે લેખિતમાં જણાવેલ છે કે તેઓને વિજબીલની વાર્ષિક એડવાન્સ રકમ અને દ્વિમાસિક વીજ બીલ પત્રમાં જણાવ્યા મુજબ સરનામે મળે તે મુજબની વ્યવસ્થા કરવા વિનંતી કરેલ છે તે સીવાય કોઈપણ પ્રકારની તકરાર નથી. જેથી સદર બાબતે સામાવાળા ને જરૂરી કાર્યવાહી કરવાની સુચના આપવામાં આવે છે.

૪.૭ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૬ મુજબ ની વિગતે **હુકમ કરવામાં આવે છે.**

૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯